# <u>બાનાખતનો કરાર</u>

# <u>(કબજા સીવાય)</u>

**<u>એકતરફવાળા</u> :–** **વેદાંત ઈન્ફ્રાસ્ટ** એ નામની ભાગીદારી પેઢી કે જેની

**વેચાણ આપનાર** રજીસ્ટર્ડ ઓફીસ :– ૨૬, વસંતવિહાર, ખોડલ ફાર્મ સામેનો ખાંચો, ડી–માર્ટ પાસે, નિકોલ, અમદાવાદ.

PAN NO. AAUFV 8371M

વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર .......

**રામાણી અંકિતકુમાર અરવિંદભાઈ**

(ADHAR CARD NO. 3639 2375 3099)

"જેમને હવે પછી આ બાનાખત કરારમાં અમો એકતરફવાળા અને/અગર વેચાણ આપનાર યાને પ્રમોટર એ રીતે સંબોધવામાં આવશે જે શબ્દના અર્થમાં એકતરફવાળા તથા તેના હાલના તથા વખતો વખતના ભાગીદારો, સકસેસરો, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો, એસાઈનીઓ, ટ્રાન્સફરીઓ, મુખત્યારો તથા અન્ય તમામ હકકદારોનો સમાવેશ થાય છે."

<u>**બીજીતરફવાળા**</u> **:– ...........................................**

**વેચાણ લેનાર** PAN NO………………

(ADHAR CARD NO. .................................)

ઉ.વ.આ.પુખ્ત, ધર્મે હિન્દુ, ધંધો વેપાર/ઘરકામ, રહે. ........................................................, અમદાવાદનાં.

"જેમને હવે પછી આ બાનાખત કરારમાં બીજીતરફવાળા અને અગર/વેચાણ લેનાર અને/અગર એલોટી એ રીતે સંબોધવામાં આવશે જે શબ્દનાં અર્થમાં તમો વેચાણ લેનાર બીજીતરફવાળા એલોટીનો તથા વંશ, વાલી, વારસો, સકસેસરો, એડમીનીસ્ટ્રેટર્સ, એકઝીકયુટર્સ ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે."

**(એ) જત,** રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબ–ડીસ્ટ્રીકટ અમદાવાદ–૬(નરોડા) તાલુકા અસારવાનાં મોજે ગામ હંસપુરાના **બ્લોક/સર્વે નં.૪૯/અ** ની ૨૬૩૦૫ ચો.મી. જમીનનો સમાવેશ **ટી.પી.સ્કીમ નં.૧૨૧** માં થતા ફાળવવામાં આવેલ **ફાઈનલ પ્લોટ નં.૯૦/૧** ની **૧૫૭૮૩ ચો.મી.** બીનખેતીની જમીનમાં અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્રારા પાસ કરવામાં આવેલ સબ પ્લોટનાં પ્લાન મુજબ **સબ પ્લોટ નં. ૦૨** ની **૩૧૫૬.૮૬ ચો.મી.** બિનખેતીની જમીન કે જેનુ વિગતવાર વર્ણન આ સાથેનાં પરિશીષ્ટ–૧ માં દર્શાવ્યા મુજબનું છે કે જેને હવે આ બાનાખત કરારમાં **"મજકુર જમીન"** એ રીતે સંબોધવામાં આવશે તે મજકુર સઘળી જમીન એકતરફવાળા વેચાણ આપનારની કુલ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામાં કોઈનાં કોઈપણ જાતનાં અવરોધ કે અંતરાય સિવાય આવેલી જમીન છે.

(બી) મજકુર સઘળી જમીન રેવન્યુ બ્લોક/સર્વે નં.૪૯/અ ની ૨૬૩૦૫ ચો.મી. જમીનનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૧૨૧ માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૯૦/૧ ની ૧૫૭૮૩ ચો.મી. જમીન માટે બિનખેતીની પરવાનગી જીલ્લા કલેકટર, અમદાવાદનાં તા.૦૯/૦૯/૨૦૨૧ નાં રોજનાં હુકમ નં. ૧૯૫૨/૦૭/૧૪/૦૨૬/૨૦૨૧ થી મળેલ છે. જે અંગેની બીનખેતીની નોંધ રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નં. ૩૪૮૯ થી તા. ૦૯/૦૯/૨૦૨૧ નાં રોજ કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહુ બ્લોક/સર્વે નં.૪૯/અ ની ૨૬૩૦૫ ચો.મી. જમીનનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૧૨૧ માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૯૦/૧ ની ૧૫૭૮૩ ચો.મી. બિનખેતીની જમીનનાં સબ–પ્લોટો પાડવાનાં પ્લાન અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનમાં રજુ કરતા તેમના અરજી નં. 001BDP21221845 થી ડેવલપમેન્ટ પરમીશન નં. 001LD21220331 થી તા.૨૫/૦૨/૨૦૨૨ નાં રોજ સદર જમીનમાં (૧) સબ પ્લોટ નં. ૦૧ ની ૩૭૨૪.૨૮ ચો.મી. (૨) સબ પ્લોટ નં. ૦૨ ની ૩૧૫૬.૮૬ ચો.મી. (૩) સબ પ્લોટ નં. ૦૩ ની ૩૬૪૧.૦૬ ચો.મી. (૪) સબ પ્લોટ નં. ૦૪ ની ૨૪૬૬.૬૯ ચો.મી. (૫) સબ પ્લોટ નં. ૦૫ ની ૨૭૯૪.૧૧ ચો.મી. એમ કુલ ૫(પાંચ) સબ–પ્લોટો પાડવામાં આવેલ.

(સી) મજકુર સઘળી જમીન રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબ–ડીસ્ટ્રીકટ અમદાવાદ–૬(નરોડા) તાલુકા અસારવાનાં મોજે ગામ હંસપુરાના બ્લોક/સર્વે નં.૪૯/અ ની ૨૬૩૦૫ ચો.મી. જમીનનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૧૨૧ માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૯૦/૧ ની ૧૫૭૮૩ ચો.મી. બીનખેતીની જમીનમાં અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા પાસ કરવામાં આવેલ સબ પ્લોટનાં પ્લાન મુજબ સબ પ્લોટ નં. ૦૨ ની ૩૧૫૬.૮૬ ચો.મી. બિનખેતીની જમીન મુળ પ્રસાદ ડેરી વતી તેના ભાગીદારો (૧) નયનાબેન ગિરીશભાઈ ભગવતપ્રસાદની વિધવા (૨) આસ્તીકભાઈ ગિરીશભાઈ (૩) અભયભાઈ ભુપેન્દ્રભાઈ (૪) રેનુબેન નીતીનભાઈ ભગવતપ્રસાદ પટેલની વિધવા પત્ની (૫) અર્જુન નીતીનભાઈ (૬) સુજનબેન આસ્તીકભાઈ ભગવતપ્રસાદ (૭) આશના આસ્તીકભાઈ ભગવતપ્રસાદ વિગેરેની માલીકીની આવેલ હતી.

ત્યારબાદ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબ–ડીસ્ટ્રીકટ અમદાવાદ–૬(નરોડા) તાલુકા અસારવાનાં મોજે ગામ હંસપુરાના બ્લોક/સર્વે નં.૪૯/અ ની ૨૬૩૦૫ ચો.મી. જમીનનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૧૨૧ માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૯૦/૧ ની ૧૫૭૮૩ ચો.મી. બીનખેતીની જમીનમાં અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા પાસ કરવામાં આવેલ સબ પ્લોટનાં પ્લાન મુજબ સબ પ્લોટ નં. ૦૨ ની ૩૧૫૬.૮૬ ચો.મી. બિનખેતીની જમીન પૈકી પ્રસાદ ડેરી વતી તેના ભાગીદાર અભયભાઈ ભુપેન્દ્રભાઈની વગર વહેંચાયેલ હિસ્સાની **૧૦૫૨.૧૮ ચો.મી.** જમીન અમો વેચાણ આપનાર વેદાંત ઈન્ફ્રાસ્ટ એ નામની ભાગીદારી પેઢીએ વેચાણ રાખેલ જે અંગેનો વેચાણ દસ્તાવેજ

તા.૧૯/૦૪/૨૦૨૨ નાં રોજનાં અમદાવાદ–૬(નરોડા) નાં મે. સબ–રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૯૪૪૭ થી રજીસ્ટર કરવામાં આવેલ છે. જે અંગેની વેચાણની નોંધ રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નં.૩૬૧૭ થી તા.૨૭/૦૪/૨૦૨૨ નાં રોજ કરવામાં આવેલ છે. તેમજ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબ–ડીસ્ટ્રીકટ અમદાવાદ–૬(નરોડા) તાલુકા અસારવાનાં મોજે ગામ હંસપુરાના બ્લોક/સર્વે નં.૪૯/અ ની ૨૬૩૦૫ ચો.મી. જમીનનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૧૨૧ માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૯૦/૧ ની ૧૫૭૮૩ ચો.મી. બીનખેતીની જમીનમાં અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા પાસ કરવામાં આવેલ સબ પ્લોટનાં પ્લાન મુજબ સબ પ્લોટ નં. ૦૨ ની ૩૧૫૬.૮૬ ચો.મી. બિનખેતીની જમીન પૈકી પ્રસાદ ડેરી વતી તેના ભાગીદાર (૧) નયનાબેન ગિરીશભાઈ ભગવતપ્રસાદની વિધવા (૨) આસ્તીકભાઈ ગિરીશભાઈ (૩) રેનુબેન નીતીનભાઈ ભગવતપ્રસાદ પટેલની વિધવા પત્ની (૪) અર્જુન નીતીનભાઈ (૫) સુજનબેન આસ્તીકભાઈ ભગવતપ્રસાદ (૬) આશના આસ્તીકભાઈ ભગવતપ્રસાદ વિગેરેની ની વગર વહેંચાયેલ હિસ્સાની **૨૧૦૪.૬૮ ચો.મી.** જમીન અમો વેચાણ આપનાર વેદાંત ઈન્ફ્રાસ્ટ એ નામની ભાગીદારી પેઢીએ વેચાણ રાખેલ જે અંગેનો વેચાણ દસ્તાવેજ તા.૧૯/૦૪/૨૦૨૨ નાં રોજનાં અમદાવાદ–૬ (નરોડા) નાં મે. સબ–રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૯૪૬૩ થી રજીસ્ટર કરવામાં આવેલ છે. જે અંગેની વેચાણની નોંધ રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નં.૩૬૧૮ થી તા.૨૭/૦૪/૨૦૨૨ નાં રોજ કરવામાં આવેલ છે.

(ડી) મજકુર સઘળી જમીન ઉપર એકતરફવાળા વેચાણ આપનારે **"ફોર્ચ્યુન પરિસર"** નામની રહેણાંક હેતુની યોજના મુકેલ છે અને તેના અનુસંધાને લે–આઉટ તથા બિલ્ડીંગ પ્લાન અર્થે અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનમાં રજુ કરેલ અને અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા સદરહુ યોજના **બ્લોક– એ તથા બ્લોક– બી** નાં રહેણાંક યોજનાનાં નકશા તા.૩૦/૦૪/૨૦૨૨ નાં રોજ મંજુર કરેલ છે(જેને હવે પછી **"મંજુર થયેલ પ્લાન"** એ રીતે સંબોધવામાં આવશે) અને તે મુજબ રહેણાંકનું બાંધકામ કરવા માટેની **બ્લોક–એ** ની **રજાચિઠ્ઠી નં.06325/190322/A5868/R0/M1** તથા બ્લોક–બી ની રજાચિઠ્ઠી **નં.06326/190322/A5870/R0/M1** તા.૩૦/૦૪/૨૦૨૨ નાં રોજ આપવામાં આવેલ છે. (જેને હવે પછી **"રજાચિઠ્ઠી"** એ રીતે સંબોધવામાં આવશે) આ બાનાખતનાં કરાર માટે જરૂરી લે આઉટ પ્લાન અને રજાચિઠ્ઠીની નકલ આ સાથે **એનેક્ષર–એ** થી બીડેલ છે.

(ઈ) ઉપર જણાવ્યા મુજબ મંજુર થયેલ પ્લાનની રૂઈએ એકતરફવાળા વેચાણ આપનારે મજકુર જમીન ઉપર મજકુર યોજનામાં **૨** બિલ્ડીંગનો વિકાસ કરવાનું નકકી કરેલ છે જે **બ્લોક– એ** માં ડબલ બેઝમેન્ટ તથા ભોયતળીયા(ગ્રાઉન્ડ ફલોર) ઉપર પાર્કિંગ તથા પહેલા માળથી બારમા માળમાં રહેણાંક લાયક ૪૮ યુનીટ, બ્લોક–બી માં ડબલ બેઝમેન્ટ તથા ભોયતળીયા(ગ્રાઉન્ડ ફલોર) ઉપર પાર્કિંગ તથા પહેલા માળથી બારમાં માળમાં રહેણાંક લાયક ૪૮ યુનીટ આવેલ છે. આમ કુલ ૨ બિલ્ડીંગમાં રહેણાંક લાયક **૯૬** યુનીટોનું બાંધકામ કરેલ છે.

(એફ) અને આ રીતે મજકુર જમીન એકતરફવાળા વેચાણ આપનારની કુલ સંપૂર્ણ માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈનાં કોઈપણ જાતનાં અવરોધ કે અંતરાય સીવાય આવેલી જમીન છે અને મજકુર જમીન ઉપર મજકુર યોજના મુકવાનો અને વિકાસ કરવાનો, મજકુર યોજનાનાં તમામ યુનીટોનું વેચાણ કરવા, બાનાખત કરવા, દસ્તાવેજ કરવા વિગેરે તમામ કાર્યો કરવાનો તેમજ તેને આનુષાંગિક વેચાણ અવેજની રકમો સ્વીકારવાનો એકતરફવાળાને સંપૂર્ણ હકક અને અધિકાર છે.

(જી) બીજીતરફવાળા વેચાણ લેનાર એલોટીને મજકુર યોજનામાં રહેણાંક યુનિટ વેચાણ રાખવાની ઈચ્છા હોઈ એકતરફવાળા વેચાણ આપનારનો સંપર્ક કરેલ છે અને એકતરફવાળા તથા બીજીતરફવાળા વચ્ચે થયેલ વાટાઘાટો અને ચર્ચાવિચારણાનાં અનુસંઘાને એકતરફવાળા વેચાણ આપનારે મજકુર યોજનાનાં **બ્લોક – ......** નાં **.......** માળનાં **ફલેટ નં. ..........** ની **......... ચો.મી.** કારપેટ એરીયા તથા ........... ચો.મી. બાલ્કની તેમજ વોશ એરીયા સહિતની મીલકત કે જેને હવે પછી આ બાનાખતનાં કરારમાં **"મજકુર યુનિટ"** એ રીતે સંબોધવામાં આવશે કે જેના ફલોર પ્લાનની નકલ આ સાથે **પરીશીષ્ટ–બી** માં દર્શાવેલ છે તેમજ મજકુર યુનિટ પૈકી વરાડે પડતી વગર વહેચાયેલ **......... ચો.મી.** નાં હકો **સહિત (વગર વહેચાયેલ હિસ્સો) તે**મજ મજકુર યોજનામાં મંજુર થયેલ પ્લાન મુજબ મુકવામાં આવેલ કોમન એમીનીટીઝ તથા ફેસીલીટીઝ કે જેનું વિગતવાર વર્ણન આ સાથેનાં **પરીશીષ્ટ–૨** માં દર્શાવ્યા મુજબનું છે તે વાપરવાના વગર વહેચાયેલા હકકો સહિતની સઘળી મીલકત બીજીતરફવાળા વેચાણ લેનારને વેચાણ આપવાનું નકકી કરેલ છે.

– મજકુર યોજનામાં મુકવામાં આવેલ કોમન એમીનીટીઝ તથા ફેસીલીટીઝ તેમજ મજકુર જમીન પૈકીનો વગર વહેચાયેલ હિસ્સાને હવે પછી સયુકત રીતે કોમન એરીયા તરીકે સંબોધવામાં આવશે.

– મજકુર યુનિટ તથા કોમન એરીયાને હવે પછી સયુકત રીતે **"મજકુર મીલકત"** એ રીતે સંબોધવામાં આવશે અને તેનુ વર્ણન આ સાથેનાં **પરીશીષ્ટ–એ** માં દર્શાવેલ છે.

– મજકુર યુનીટની આંતરિક દિવાલોની અંદરનાં ક્ષેત્રફળને કાર્પેટ એરીયા ગણવામાં આવેલ છે જેમાં મજકુર યુનીટની બાહ્ય દિવાલો, બાલ્કની, વોશ એરીયાનો સમાવેશ થતો નથી પરંતુ મજકુર યુનીટની અંદરની વિભાજીત દિવાલો કાર્પેટ એરીયાનો ભાગ છે.

(એચ) બીજીતરફવાળા વેચાણ લેનાર એલોટીની માંગણી અને વિનંતીની રૂઈએ અને કરારનાં એકતરફવાળા વેચાણ આપનારે મજકુર યોજનાની સંપૂર્ણ માહિતી જેવી કે મંજુર પ્લાન, રજાચિઠ્ઠી, સ્પેશીફીકેશન, ડિઝાઈન કે જે એકતરફવાળાનાં અધિકૃત આર્કીટેકટ મે. **એચ.એમ. બાવીશી** દ્વારા તૈયાર કરવામાં આવેલ છે તે વિગતો તેમજ મજકુર જમીનનાં ટાઈટલ ડીલ્સ, રેવન્યુ રેકર્ડ, પરવાનગીઓ, મંજુરીઓ તેમજ મજકુર યોજનાના કોમન એરીયાની વિગતો વિગેરે કે જે ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ ૨૦૧૬ **(મજકુર એકટ)** તથા ધ ગુજરાત રીયલ એસ્ટેટ **(રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ)** જનરલ રૂલ્સ, ૨૦૧૭ **(મજકુર રૂલ્સ)** મુજબ જરૂરી છે તે તમામ માહિતી બીજીતરફવાળા વેચાણ લેનારને આપેલ છે અને તેની બીજીતરફવાળા વેચાણ લેનારે પોતે જાતે અગર તેમના કાનુની સલાહકાર મારફતે ચકાસણી કરાવી લીધેલ છે અને તેનાથી બીજીતરફવાળા વેચાણ લેનારને સંપૂર્ણ સંતોષ છે.

(આઈ) મજકુર યુનીટનું બાંધકામ આ બાનાખતના કરારમાં દર્શાવેલ સમયમર્યાદામાં અને આ બાનાખતનાં કરારની અન્ય વિગતો તેમજ શરતોને આધિન પુર્ણ થયેથી એકતરફવાળા વેચાણ આપનારે અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન અગર સક્ષમ કચેરી પાસેથી બિલ્ડીંગ વપરાશનું પ્રમાણપત્ર યાને બિલ્ડીંગ યુઝ(બી.યુ.) પરમીશન લેવાનું રહેશે ત્યારબાદ આ બાનાખતની અન્ય શરતોને આધીન બીજીતરફવાળા વેચાણ લેનારની તરફેણમાં મજુકર મીલકતનો વેચાણ દસ્તાવેજ કરી આપવાનો છે.

(જે) અને આ રીતે એકતરફવાળા વેચાણ આપનાર દ્વારા મજકુર યોજનાના વિકાસનાં કાર્યો શરૂ કરેલા છે અને તે દરમ્યાન મજકુર એકટ તથા મજકુર રૂલ્સ અમલમાં આવતા

એકતરફવાળા વેચાણ આપનારે મજકુર રૂલ્સ જોગવાઈને આધિન મજકુર યોજનાની નોંધણી ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી**(રેરા)** સમક્ષ નોંધાવેલ છે અને તેનો નોંધણી નં.પીઆર/જીજે/અમદાવાદ/અમદાવાદ સીટી/ઔડા/................/.............. તા...../...../૨૦૨૨ ના રોજ નોંધાવેલ છે.

(કે) બીજીતરફવાળા વેચાણ લેનારે મજકુર યુનીટનાં કુલ વેચાણ અવેજ પૈકી **રૂા............/– અંકે રૂપિયા ............................ પુરા** વેચાણ આપનારને બુકીંગ/બાના પેટે ચુકવી આપેલ છે અને તે રીતે મજકુર એકટની કલમ ૧૩ ની જોગવાઈ મુજબ વેચાણ લેનાર દ્વારા વેચાણ અવેજ પૈકીની ૧૦% રકમ વેચાણ આપનારને ચુકવેલ હોઈ મજુકર મીલકતનો બાનાખતનો કરાર વેચાણ લેનારની તરફેણમાં કરવો જરૂરી છે.

(એલ) અને આ રીતે એકતરફવાળા વેચાણ આપનાર તથા બીજીતરફવાળા વેચાણ લેનારે મજકુર મીલકતનાં વેચાણ વ્યવહાર અંગે એકબીજાને આપેલી માહિતી, રજુઆત, ખાત્રી, બાંહેધરીને અનુસંધાને મજકુર મીલકત એકતરફવાળા વેચાણ આપનારે આ કરારનાં બીજીતરફવાળા વેચાણ લેનારને **રૂા............/– અંકે રૂપિયા ........................ પુરા**માં વેચાણ આપવાનું નકકી કરેલ છે અને તે અંગેનો આ બાનાખતનો કરાર પક્ષકારો વચ્ચે નીચેની શરતોએ કરવામાં આવેલ છે.

**<u>શરતો</u> :–**

(૧) મજકુર યોજનાનાં મંજુર થયેલ પ્લાન, ડિઝાઈન અને સ્પેશીફીકેશનને આનુષાંગીક **બ્લોક– એ** માં ડબલ બેઝમેન્ટ તથા ભોયતળીયા(ગ્રાઉન્ડ ફલોર) ઉપર પાર્કિંગ તથા પહેલા માળથી બારમા માળમાં રહેણાંક લાયક ૪૮ યુનીટ, બ્લોક–બી માં ડબલ બેઝમેન્ટ તથા ભોયતળીયા(ગ્રાઉન્ડ ફલોર) ઉપર પાર્કિંગ તથા પહેલા માળથી બારમાં માળમાં રહેણાંક લાયક ૪૮ યુનીટ આવેલ છે. આમ કુલ ૨ બિલ્ડીંગમાં રહેણાંક લાયક **૯૬** યુનીટોનું બાંધકામ કરવામાં આવશે. મજકુર મીલકત સહિતનાં તેવા બાંધકામોમાં જો કોઈ કાયદામાં સુધારો થવાથી કે કાયદો અમલમાં આવવાથી કે સ્થાનિક, રાજય કે કેન્દ્ર સરકારની સુચના મુજબ સુધારા વધારા કરવા પાત્ર હોઈ તો તે વેચાણ આપનારે કરી શકશે પરંતુ તેવી જોગવાઈ સિવાય જો મજકુર મીલકત સહિતનાં બાંધકામોમાં જો કોઈ સુધારા વધારા કરવા પાત્ર હોઈ તો તે વેચાણ આપનારે આ કરારનાં વેચાણ લેનારની લેખીત સંમતિથી કરવાનાં છે અને રહેશે.

**(૧–એ)** એકતરફવાળા વેચાણ આપનારે આ કરારનાં બીજીતરફવાળા વેચાણ લેનાર એલોટીને મજકુર યોજનામાં રહેણાંક યુનીટ પૈકી **બ્લોક નં.** .......... નાં ............ માળ ઉપર આવેલ **ફલેટ નં.** .......... નાં ............ **ચો.મી.** કારપેટ એરીયાનાં બાંધકામની કિંમત તેમજ યુનીટનાં ......... **ચો.મી.** બાલ્કની એરીયા તેમજ વોશ એરીયાની મળીને કુલ .......... **ચો.મી.** કારપેટ એરીયાની કિંમત તેમજ મજકુર જમીન પૈકીની વગર વહેંચાયેલ હિસ્સા ......... **ચો.મી.** જમીનની કિંમત તથા મજકુર યોજનામાં મુકવામાં આવેલ કોમન એમીનીટીઝ તથા ફેસેલીટીઝનાં વરાડે પડતા વગર વહેચાયેલ હકકોની કિંમત મળીને કુલ **રૂા........../–** **અંકે રૂપિયા** ............................... **પુરા**માં વેચાણ આપવાનું નકકી કરેલ છે.

**(૧–બી)** મજકુર મીલકતનાં કુલ વેચાણ અવેજ પૈકી બુકીંગ પેટે ચુકવેલ ૧૦% રકમ આજદીન સુધીમાં બીજીતરફવાળા વેચાણ લેનારે આ કરારનાં એકતરફવાળા વેચાણ આપનારને ચુકવી આપેલ છે અને તે મુજબની રકમો એકતરફવાળાને નીચે જણાવેલ વિગતે મળેલ છે, જે એકતરફવાળા વેચાણ આપનારે વેચાણ દસ્તાવેજ સમયે આ વેચાણ લેનારને કુલ વેચાણ અવેજમાંથી મજરે આપવાનાં રહેશે.

| **રકમ** | **ચેક નંબર** | **તારીખ** | **બેંકનું નામ** | **શાખા** |
|---|---|---|---|---|
| રૂા...... | | | | |
| રૂા...... | | | | |
| બુકીંગ વખતે ચુકવેલ રકમની વિગત | | | | |
| બાનાપેટે ચુકવેલ રકમની વિગત | | | | |

...............

રૂા........../– અંકે રૂપીયા .......................... પુરા.

**(૧–સી)** મજકુર મીલકત કુલ વેચાણ અવેજ પૈકીની બાકી ચુકતે રકમો બીજીતરફવાળા વેચાણ લેનારે આ કરારનાં એકતરફવાળા વેચાણ આપનારને નીચે જણાવેલ વિગતે ચુકવી આપવાની છે અને રહેશે.

**વિગત**

૩૦% કુલ વેચાણ અવેજનાં વધુમાં ત્રીસ ટકા જેટલી રકમ સદરહુ મીલકતનો કરાર કરવામાં આવ્યા બાદ ચુકવવાનાં રહેશે.

૪૫% કુલ વેચાણ અવેજનાં પીસ્તાલીસ ટકા જેટલી રકમ મજકુર બિલ્ડીંગના પ્લીન્થ લેવલનું કામ પૂર્ણ થાય ત્યારે.

૭૦% કુલ વેચાણ અવેજનાં સીત્તેર ટકા જેટલી રકમ બેઝમેન્ટથી જમીન લેવલ સુધીનાં સ્લેબ, સ્ટીલ્ટ યાને કે પાયાનું બાંધકામ તેમજ પોડીયમનું બાંધકામ પાર્કીંગ થાય તે મુંજબનું કામ પૂર્ણ થાય ત્યારે.

૭૫% કુલ વેચાણ અવેજનાં પંચોતેર ટકા જેટલી રકમ મજકુર યુનીટના દિવાલ, આંતરીક પ્લાસ્ટર, ફલોરીંગ, બારી, દરવાજાનું બાંધકામ પૂર્ણ થાય ત્યારે.

૮૦% કુલ વેચાણ અવેજનાં એંસી ટકા જેટલી રકમ પ્લમ્બીંગ તથા બાહ્ય દિવાલો, એલીવેશન, વોટરપ્રુફીંગ સહીતના ધાબાનું કામ કામ પૂર્ણ થાય ત્યારે.

૮૫% કુલ વેચાણ અવેજનાં પંચ્યાસી ટકા જેટલી રકમ સેનીટરી ફીટીંગ્સ, સીડી, લીફ્ટ, લોબી વિગેરેનું તમામ માળ સુધીનુ બાંધકામ પૂર્ણ થાય ત્યારે.

૯૫% કુલ વેચાણ અવેજનાં પંચાણુ ટકા જેટલી રકમ લીફ્ટ, પાણીનો પંપ, વિજળી ફીટીંગ્સ, પર્યાવરણને લગતી જરૂરીયાતો, લોબી, ગેટ વિગેરે તમામ કામો પૂર્ણ થાય ત્યારે.

૧૦૦% કુલ વેચાણ અવેજની બાકી ચુકતે રકમો બી.યુ. પરમીશન આવેથી ચુકવી આપવાનાં રહેશે.

<u>**અથવા**</u>

**(૧–સી)** મજકુર મીલકત કુલ વેચાણ અવેજ પૈકીની બાકી ચુકતે રકમો બીજીતરફવાળા વેચાણ લેનારે આ કરારનાં એકતરફવાળા વેચાણ આપનારને એકસરખા કુલ ......... (........) માસિક હપ્તેથી ચુકવી આપવાનાં રહેશે.

**(૧–ડી)** ઉપર જણાવ્યા મુજબ મજકુર મીલકતનાં કુલ વેચાણ અવેજની કિંમત લાગુ પડતા ટેક્ષ સીવાયની કિંમત એટલે કે કુલ વેચાણ અવેજમાં મજકુર મીલકતનો વેચાણ દસ્તાવેજ થાય ત્યાં સુધીનાં ચુકવવાપાત્ર લાગુ સમયનાં તમામ પ્રકારનાં જી.એસ.ટી., ટેક્ષ, વેરા, તેમજ ઉપકર અગર અન્ય કોઈપણ કર, ચાર્જીસનો સમાવેશ થયેલ છે.

**(૧–ઈ)** મજકુર મીલકતની વેચાણ અવેજની કિંમત કોઈપણ જાતના વધારા સિવાયની કિંમત છે, સિવાય કે સક્ષમ અધિકારી દ્વારા અગર સ્થાનિક કચેરી અગર સરકારશ્રી દ્વારા અન્ય કોઈ કારણોસર ડેવલપમેન્ટ કે ચાર્જીસમાં કે અન્ય લાગા, કર, વેરા વિગેરેમાં સુધારો

વધારો કરવામાં આવે અને તે મુજબનો ખર્ચ, કર, વેરા, ચાર્જીસમાં કરવાપાત્ર સુધારા વધારા કરતા તે અગાઉ તે અંગેના જરૂરી પરિપત્રો, જાહેરનામાઓ, હુકમો, નિયમોથી એકતરફવાળા વેચાણ આપનારે આ કરારનાં બીજીતરફવાળા વેચાણ લેનારને માહિતગાર કરવાના રહેશે તેની વેચાણ આપનાર બાંહેધરી આપે છે અને ત્યારબાદ વેચાણ આપનાર તેવા વધારાની ચુકવણીની રકમની ચુકવણી બાકી વેચાણ અવેજની રકમોની આગામી ચુકવણીનાં તબકકામાં ઉમેરવાની રહેશે.

**(૧–એફ)** મજકુર યુનીટનાં કાર્પેટ એરીયાનું ક્ષેત્રફળ એકતરફવાળા વેચાણ આપનારે ચકાસેલ છે અને તે મુજબનું બાંધકામ થયા બાદ અને બી.યુ. પરમીશન મેળવ્યા બાદ તેવા કાર્પેટ એરીયાનું ક્ષેત્રફળ વેચાણ લેનારને મેળવી આપવાનું રહેશે અગર તેવા કાર્પેટ એરીયાનાં ક્ષેત્રફળમાં ૩%(ત્રણ ટકા) સુધીની વધ ઘટ હોય તો તેની જાણ વેચાણ લેનારને કરવાની રહેશે અને બન્ને પક્ષકારો દ્વારા કાર્પેટ એરીયાની સયુકત રીતે ફેર માપણી કરવાની રહેશે અને તેવી ફેર માપણી દરમ્યાન જો મજકુર યુનીટનાં નકકી કરેલ કાર્પેટ એરીયા કરતા ક્ષેત્રફળ ઓછુ થાય તો તેવા ઓછા ક્ષેત્રફળની વરાડે પડતી રકમ વેચાણ લેનાર દ્વારા ચુકવવામાં આવેલ વધારાની રકમનાં દિવસથી ગણાતા વાર્ષિક માર્જિનલ કોસ્ટ ઓફ લેન્ડીંગ રેટ (એમસીએલઆર) + ૨ વાર્ષિક સાદા વ્યાજ સહિત દિન–૪૫ (પિસ્તાલીસ) સુધીમાં વેચાણ આપનારે પરત ચુકવવાની રહેશે અને જો કાર્પેટ એરીયાનાં ક્ષેત્રફળમાં વધારો થયેલ હશે તેવા વધારાનાં ક્ષેત્રફળની રકમ વેચાણ લેનારે મજકુર યુનીટ અંગે મુળ નકકી કરેલ ભાવ પ્રમાણે ગણતરી કરી ચુકવણીનાં જે તે તબકકા દરમ્યાન આ કરારનાં વેચાણ આપનારને ચુકવવાની રહેશે.

**(૧–જી)** વેચાણ લેનાર આથી આ કરારનાં વેચાણ આપનારને મજકુર મીલકતનાં વેચાણ અવેજ પેટે ચુકવેલ તમામ રકમો અગર તેનો કોઈપણ ભાગ મજકુર યોજનાને પરિપૂર્ણ કરવા માટે કરવાપાત્ર ખર્ચ અગર ચાર્જ અગર ટેક્ષની ભરપાઈ કરવા વાપરવાનાં અધિકાર આપે છે જે વેચાણ આપનાર તેમની ઈચ્છા મુજબ ખર્ચ કરી શકશે અને તેમા વેચાણ લેનારે કોઈપણ જાતનો વાંધો કે તકરાર લેવાની નથી અગર તેવી રકમની અન્ય રીતે વપરાશ કરવા અંગેની કોઈપણ સુચના વેચાણ આપનારને આપવાની નથી.

**(૨–૧)** સ્થાનિક સક્ષમ સત્તા દ્વારા મજકુર યોજના મંજુર થાય તે દરમ્યાન અગર ત્યારબાદ અગર મજકુર મીલકતનો પ્રત્યક્ષ કબજો વેચાણ લેનારને સોપવામાં આવે તે

અગાઉ અગર મજકુર મીલકત અંગેની બી.યુ. પરમીશન મેળવવાની થાય તે સમયે અગર તે અગાઉ મંજુર થયેલ પ્લાન અંગે અન્ય શરતો, ઠરાવો, નિયંત્રણો વિગેરે અમલમાં આવે તો તે તમામનુ પાલન કરવા આથી એકતરફવાળા વેચાણ આપનાર સંમતિ આપે છે.

**(૨–૨)** સમયમર્યાદા તે વેચાણ આપનાર તથા વેચાણ લેનાર માટે મહત્વનું પાસુ છે. મજકુર યોજનાને પરિપૂર્ણ કરવા, કોમન એરિયાની વ્યવસ્થા કરવા તેમજ મજકુર યુનીટનો પ્રત્યક્ષ કબજો બી.યુ. પરમીશન મેળવીને વેચાણ લેનારને સુપ્રત કરવા વિગેરે તમામની સમયમાર્યાદાનું વેચાણ આપનાર પાલન કરશે.

તેમજ વેચાણ લેનારે આ કરારનાં વેચાણ આપનારને બાંધકામનાં સમયાંતરે અગર હપ્તેથી ઉપર પેરા–૧(સી) માં દર્શાવ્યા પ્રમાણેની રકમોની ચુકવણી કરવાની રહેશે તેમજ આ બાનાખતના કરારની અન્ય શરતોનું પણ પાલન કરવાનું રહેશે.(પેમેન્ટ પ્લાન)

**(૩)** મજકુર યોજના અંગે એકતરફવાળા આથી જાહેર કરે છે કે પ્રોજેકટની જમીનનાં સંબંધમાં આજની તારીખ પ્રમાણેનો ફલોર સ્પેસ ઈન્ડેક્ષ ૫૬૮૨.૩૫ ચો.મી. છે અને પ્રમોટરે વિકાસ નિયત્રંણ વિનિયમમાં જણાવેલી વિવિધ યોજનાનો અમલ કરીને વિકાસ નિયત્રણ વિનિયમનાં મજકુર યોજનાને લાગુ પડતા ફેરફાર ઉપર ભવિષ્યમાં મેળવી શકાય તેવી વધારેલી એફ.એસ.આઈ. ની અપેક્ષાને આધારે, પ્રીમીયમની અથવા ઈન્સેન્ટિવ એફ.એસ.આઈ. તરીકે ઉપલબ્ધ એફ.એસ.આઈ. ની ચુકવણી પર મળતા ટી.ડી.આર. અથવા એફ.એસ.આઈ. નો લાભ મેળવીને ૬૪૫૩.૮૫ ચો.મી. નાં એફ.એસ.આઈ. નો ઉપયોગ કરવાનુ આયોજન કરેલ છે. પ્રમોટરે મજકુર યોજનાની જમીન ઉપર પોતે લાભ લેવા ધારેલા ૧૨૧૩૬.૨૦ ચો.મી. એફ.એસ.આઈ. જાહેર કરેલ છે અને તે રીતે એફ.એસ.આઈ. વાપરવાનું આયોજન રેરા કાયદાની જોગવાઈઓ અનુસાર કર્યુ છે. મજકુર યોજનામાં એકતરફવાળાએ, મજકુર યોજનાની જમીન પર તેમને મળવાપાત્ર એફ.એસ.આઈ. નો ઉપયોગ કરીને એકતરફવાળા સુચિત બાંધકામ કરવાનાં છે અને મજકુર યોજનાની યુનીટોનું વેચાણ કરવાનાં છે. એ આધારે તેમજ જાહેર કરવામાં આવેલો સુચિત એફ.એસ.આઈ. નાં ઉપયોગ ભવિષ્યમાં રેરા કાયદાનાં કલોઝ–૧૪(૨) મુજબ ૨/૩ સભ્યોની બહુમતી મેળવી કરવાનો છે, તેમજ પાસ થયેલા પ્લાનમાં દર્શાવેલ બ્લોકો પૈકી જે બ્લોકની બી.યુ. પરમીશન મળ્યેથી અને વેચાણ દસ્તાવેજ થાય ત્યારે તે બ્લોક અંગેની વધારાની એફ.એસ.આઈ. મળવાપાત્ર હશે તો તેના હક સર્વિસ સોસાયટી/એસોસીએશન

ઓફ એલોટીનાં રહેશે જે હકીકત એકતરફવાળા અને બીજીતરફવાળા કબુલ, મંજુર રાખે છે એવી સમજનાં આધારે મજકુર મીલકત ખરીદવા બીજીતરફવાળા સંમત થયા છે.

સદર યોજનાનુ બિલ્ડીંગ વપરાશ પ્રમાણપત્ર (બી.યુ.સી) આવ્યા પછી એફ.એસ.આઈ., વધારાની એફ.એસ.આઈ. ઉપર પ્રમોટરનો કોઈ હકક, હિસ્સો રહેશે નહી.

**(૪.૧)** જો વેચાણ આપનાર આ બાનાખતનાં કરારની અન્ય શરતોને આધીન બાનાખતમાં જણાવેલ સમયમર્યાદામાં મજકુર યોજના પૂર્ણ ન કરે તેમજ મજકુર યુનીટનો કબજો વેચાણ લેનારને સમયમર્યાદામાં સોપે નહી અને તે સંજોગોમાં જો વેચાણ લેનાર આ બાનાખતની અન્ય શરતો અને જવાબદારીને આધીન મજકુર યુનીટ વેચાણ રાખવા રાજી હોય તો મજકુર યુનીટનો કબજો સોપવામાં થયેલ વિલંબથી જયા સુધી કબજો સોપવામાં ન આવે ત્યા સુધીનાં સમય માટે એકતરફવાળા વેચાણ આપનારે આ કરારનાં વેચાણ લેનારને વેચાણ અવેજ પેટે જે રકમ ચુકવી હોય તે રકમ ઉપર વાર્ષિક માર્જિનલ કોસ્ટ ઓફ લેન્ડીંગ રેટ (એમસીએલઆર) + ૨ મુજબ વ્યાજ ચુકવવાનું રહેશે. તેવી જ રીતે જો વેચાણ લેનાર દ્રારા આ બાનાખતનાં કરારમાં જણાવ્યા મુજબની વેચાણ અવેજની રકમની ચુકવણીમાં ચુક કરવામાં આવે તો વેચાણ લેનારે બાનાખતનાં કરારમાં જણાવ્યા મુજબ પેમેન્ટ પ્લાન પૈકીની બાકી રકમની ચુકવણી ઉપર જયાં સુધી રકમની ચુકવણી ન થાય ત્યા સુધી વાર્ષિક માર્જિનલ કોસ્ટ ઓફ લેન્ડીંગ રેટ (એમસીએલઆર) + ૨ મુજબનું વ્યાજ વેચાણ આપનારને ચુકવવાનું રહેશે.

**(૪.૨)** વેચાણ લેનાર દ્રારા જો પેમેન્ટ પ્લાન પૈકીની રકમો તેમજ સક્ષમ કચેરીમાં ચુકવવાપાત્ર ટેક્ષ, વેરા, ચાર્જીસ વિગેરે પૈકીની વેચાણ લેનારની ચુકવવાપાત્ર વરાડે રકમો સહિતની ચુકવણીમાં ચુક થાય તો અગર વેચાણ લેનાર સળંગ માસિક હપ્તાની ચુકવણી ઉપર ત્રણ કે તેથી વધુ વખત નિષ્ફળ જાય તો ઉપર પેરા–૪.૧ માં જણાવ્યા મુજબ વેચાણ લેનાર પાસેથી વાર્ષિક વ્યાજ લેવાનાં હકકો કોઈપણ પુર્વગ્રહ વગર અબાધિત રાખીને વેચાણ આપનાર મજકુર મીલકતનો આ બાનાખતનો કરાર રદબાતલ કરવા હકકદાર હોવાનું ગણાશે.

જો વેચાણ આપનાર મજકુર મીલકતનો આ બાનાખતનો કરાર રદબાતલ કરવાનું નકકી કરે તો તે સંજોગોમાં વેચાણ આપનારે આ કરારનાં વેચાણ લેનારને દિન–૧૫

(પંદર) ની લેખિત નોટીસ લેચાણ લેનાર દ્વારા આપવામાં આવેલ સરનામે રજીસ્ટ્ર્ડ પોસ્ટ એ.ડી. મારફતે તેમજ ઈ–મેઈલ મારફતે આપવાની રહેશે અને તેવી નોટીસ મળેથી વેચાણ લેનાર દ્વારા કરવામાં આવેલ કસુર અગર શરતભંગને દિન–૧૫ સુધીમાં સુધારી ન શકે તો નોટીસની સમયમર્યાદા પૂર્ણ થયેથી વેચાણ આપનારે મજકુર મીલકતનો આ બાનાખતનો કરાર રદબાતલ કરી શકાશે.

વધુમાં વેચાણ આપનાર દ્વારા આ બાનાખતનો કરાર રદબાતલ કરવામાં આવે તો વેચાણ લેનાર દ્વારા પેમેન્ટ પ્લાન હેઠળ અગર માસિક હપ્તેથી જે કાઈપણ વેચાણ અવેજની રકમોની ચુકવણી કરેલ હોય તે પૈકી ૧૦%(દસ) રકમ નિર્ધારિત નુકશાન તરીકે કપાત કરી બાકીની બાનાખતનો કરાર રદબાતલ કર્યેથી રકમો દિન–૩૦ સુધીમાં વેચાણ લેનારને સુપ્રત કરવાની રહેશે.

**(૫)** મજકુર યુનીટનાં વાપરવામાં આવનાર ફ્લોરીંગ તેમજ સેનીટરી ફીટીંગ્સની વિગતો તેમજ મજકુર યોજનામાં મુકવામાં આવનાર એમેનીટીઝ જેવી કે એક કે વધુ લીફ્ટ તેની બ્રાન્ડ, સ્પેસીફીકેશનની વિગતો વેચાણ આપનારે આ સાથેનાં **એનેક્ષર–સી** માં જણાવ્યા મુજબની છે.

**(૬)** મજકુર યુનીટનો પ્રત્યક્ષ કબજો આ બાનાખતની અન્ય શરતો અને પક્ષકારોની જવાબદારીઓને આધીન એકતરફવાળા વેચાણ આપનારે આ કરારનાં વેચાણ લેનારને **તા.૩૧/૧૨/૨૦૨૬** સુધીમાં સોપવાનો રહેશે. જો વેચાણ આપનાર અગર તેના એજન્ટની નિયત્રંણની બહારનાં સંજોગો સિવાયનાં કારણે મજકુર યુનીટનો કબજો બીજીતરફવાળા વેચાણ લેનારને સમયમર્યાદામાં સોપવામાં નિષ્ફળ જાય અગર કસુર કરે તો તે સંજોગોમાં વેચાણ લેનારને દ્વારા ચુકવવામાં આવેલ વેચાણ અવેજની રકમો પરત ચુકવવાની માંગણી કરવામાં આવે તો વેચાણ આપનારે તેવી ચુકવવામાં આવેલ રકમો જયારે ચુકવવામાં આવેલી હોય તે દિવસથી તે રકમો પરત ચુકવવામાં ન આવે ત્યા સુધી પેરા–૪.૧ માં જણાવ્યા મુજબનાં વ્યાજ સહિત વેચાણ આપનારે આ કરારનાં વેચાણ લેનારને પરત ચુકવણી કરવાની રહેશે.

પરંતુ જો મજકુર યુનીટનું બાંધકામ નીચેના કારણોસર પૂર્ણ થયેલ ન હોય અગર મજકુર યુનીટનો કબજો નીચેના કારણોસર વેચાણ લેનારને સુપ્રત ન કરી શકાય તો તેવા

સંજોગોમાં વેચાણ આપનાર મજકુર યુનીટનો કબજો વેચાણ લેનારને સુપ્રત કરવાની સમયમર્યાદામાં યોગ્ય વધારો કરી શકશે.

– જો કોઈ યુધ્ધ, સમાજીક ધાંધલધમાલ, કુદરતી તેમજ માનવ સર્જીત આફતોને કારણે,

– કેન્દ્ર, રાજય કે સ્થાનિક સરકાર દ્વારા અગર ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા કોઈ કાયદા અને નિયમોમાં ફેરફાર કરવામાં આવે અગર કોઈ જાહેરનામુ, ઠરાવ કે હુકમ બહાર પાડવામાં આવે,

– મજુરો અથવા બિલ્ડીંગ મટીરીયલ્સ સપ્લાયરોની હડતાળ થવાથી, તેમજ અન્ય કારણો જે વેચાણ આપનારાનાં નિયંત્રણ બહારનાં હોય.

**(૭.૧) કબજો સોપવાની તથા મેળવવાની કાર્યવાહી**

વેચાણ લેનાર દ્વારા મજકુર મીલકત અંગેની બાનાખતનાં કરારમાં નકકી કર્યા મુજબની વેચાણ અવેજની તથા અન્ય ખર્ચા, વેરા, ચાર્જીસ વિગેરે તમામ પ્રકારની રકમની ચુકવણી કરે તેમજ વેચાણ આપનાર દ્વારા અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન અગર સક્ષમ કચેરી પાસેથી બી.યુ. પરમીશન મેળવી લેવામાં આવે ત્યારે વેચાણ આપનારે મજકુર મીલકતનો કબજો વેચાણ લેનારને સોપી રહેલ છે તે મુજબનો લેખીત જાણ કરતો પત્ર વેચાણ લેનારને આપશે અને તેવા લેખીત જાણ કરતા પત્રથી માસ–૩(ત્રણ) સુધીમાં વેચાણ લેનારે મજકુર યુનીટનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો વેચાણ આપનાર પાસેથી મેળવી લેવાનો રહેશે, મજકુર મીલકતનાં આ બાનાખતમાં જણાવેલ કોઈપણ શરતો, જોગવાઈઓ કે જવાબદારીઓ નિભાવવામાં કોઈપણ પક્ષકાર દ્વારા ચુક કરવામાં આવેલ હોય તો તે ભરપાઈ કરવાની અને સુધારવાની જવાબદારી જે–તે પક્ષકારની રહેલી છે તેવી બન્ને પક્ષકાર આથી એકબીજાને બાંહેધરી આપે છે. વેચાણ લેનાર મજકુર યોજનાના યોગ્ય વહીવટ માટેનાં વહીવટી ખર્ચની તથા વહીવટી ફાળાની નકકી કરવામાં આવેલી રકમો વેચાણ આપનારને અગર સર્વિસ સોસાયટીને ચુકવવા બંધાયેલા છે અને રહેશે. વેચાણ આપનાર મજકુર મીલકતનો પ્રત્યક્ષ કબજો બી.યુ. પરમીશન મળેથી દિન–૭ માં, સુધીમાં વેચાણ લેનારને લેખિત જાણ કરી આપી શકશે.

**(૭.૨)** મજકુર યુનીટના કબજા અંગેની નોટીસ વેચાણ લેનારને મળેથી દિન–૧૫ સુધીમાં વેચાણ લેનાર મજકુર યુનીટનો કબજો વેચાણ આપનાર પાસેથી મેળવી શકશે.

**(૭.૩) કબજો મેળવવામાં નિષ્ફળતા**

જો વેચાણ લેનાર ઉપર પેરા–૭.૧ માં દર્શાવ્યા મુજબની નોટીસ મળ્યા બાદ કરારમાં જણાવ્યા મુજબની બાંહેધરી, ઈન્ડેમ્નીટી તથા અન્ય જરૂરી લખાણો પરીપૂર્ણ કરીને તેમજ આ કરારમાં જણાવ્યા મુજબ કબજો સોપતી સમયે ચુકવવાપાત્ર વેચાણ અવેજની બાકી રકમોની ચુકવણી કરીને મજકુર યુનીટનો પ્રત્યક્ષ કબજો વેચાણ આપનાર પાસેથી મેળવી લેવાનો રહેશે અને જો વેચાણ લેનાર તે મુજબનો કબજો મેળવવામાં કસુર કરે તેમ છતા વેચાણ લેનાર નકકી કરવામાં આવેલ માસીક વહીવટી ફાળાની રકમો નકકી થયેલ વ્યાજ સહિત વેચાણ આપનારને અગર સર્વિસ સોસાયટીને ચુકવવા તેમજ વેચાણ અવેજની બાકી રકમો પણ નકકી થયેલ વ્યાજ સહિત ચુકવવા બંધાયેલા છે અને રહેશે.

**(૭.૪)** મજકુર યુનીટનો કબજો વેચાણ લેનારને સોંપવામાં આવે ત્યારથી ૫(પાંચ) વર્ષ દરમ્યાન જો વેચાણ લેનારને મજકુર યુનીટ અગર તેના બિલ્ડીંગનાં બાંધકામમાં કોઈ ક્ષતિ અગર ખામી જણાય અગર ગુણવતામાં ખામી જણાય અગર મજકુર યોજનાની સેવામાં ચુક જણાય તો તેની લેખિત જાણ વેચાણ આપનારને કરવાની રહેશે અને તેવી લેખિત જાણ વેચાણ આપનારે જયાં શકય હોય તે તમામ જગ્યાએ સ્વખર્ચે તેવી ખામીઓ સુધારો કરી આપવાનો રહેશે અને જો આવી ખામીઓ સુધારવી શકય ન હોય તો વેચાણ લેનાર કાયદાની જોગવાઈને આધિન વેચાણ આપનાર પાસેથી ખામીઓ અંગે વળતર મેળવી શકશે.

પરંતુ તેવી બાંધકામની ક્ષતિ અગર ખામી વેચાણ આપનારની નિયંત્રણ બહારના સંજોગોના કારણે, કુદરતી આફતનાં કરાણે, કારીગરની ખામીનાં કારણે અગર વેચાણ લેનાર, તેના કારીગરો, સભ્યો વિગેરેની ભુલનાં કારણે કોઈ ખામી અગર ક્ષતિ થયેલ હોય તો વેચાણ આપનાર તેવી ખામી અગર ક્ષતિ દુરી કરી આપવા અગર સુધારો કરી આપવા અગર વળતર આપવા બંધાયેલા રહેશે નહી.

**(૭.૫)** મજકુર યુનીટનાં વેચાણ લેનાર આ કરારથી કુલ સંપૂર્ણ માલિક કબજેદાર થયેલ હોઈ તેથી મજકુર યુનીટનાં વપરાશ–ઉપયોગ બાબતે ધ્યાન આપવામાં ન આવે તેવા સમયે મજકુર યુનીટને કે તેમના આંશીક ભાગને નુકશાન થવા સંભવ છે જેવા કે સંડાસ, બાથરૂમ, કિચન, વોશ બેઝીનમાં એસીડ, કેમીકલ અને ગરમ પાણીનો ઉપયોગ કરવાના કારણે તેમજ બારી દરવાજાઓ, જાળી, ચકલા વિગેરેનાં અયોગ્ય અને બિન આવડતભર્યા વપરાશના કારણે તેના સ્ક્રુ, નટ, બોલ્ટ, વાઈસર, પેકીંગ ઢીલા કે બગડી શકે છે તેમજ કોમન લીફટનો

યોગ્ય ઉમરનાં અને જાણકાર વ્યકિત સિવાયનાઓના અણઆવડતભર્યા ઉપયોગના કારણે બગડી જવા કે અકસ્માત થવા સંભવ છે જેથી વેચાણ લેનારે આવી મુળભુત બાબતોની જાણકારી રાખીને પોતાના યુનીટનો અને કોમન સુવિધાઓનો વપરાશ ઉપયોગ કરવા–કરાવવાનો રહેશે અન્યથા આવી સામાન્ય અને વપરાશી ભુલનાં કારણે ઉદભતા પ્રશ્નો બાબતે વેચાણ આપનાર જવાબદાર રહેશે નહી અને તેવા તમામ ઉદભવતા પ્રશ્નોના ખર્ચ અને જોખમની જવાબદારી વેચાણ લેનારની ગણાશે.

**(૮)** મજકુર યુનીટનો ઉપયોગ વેચાણ લેનારે માત્ર રહેણાંક તરીકે જ કરવાનો રહેશે અને મજકુર બિલ્ડીંગમાં દર્શાવવામાં આવેલ ઓપન પાર્કીંગનો ઉપયોગ માત્ર વાહનો પાર્ક કરવા માટે કરવાનો રહેશે.

**(૯)** મજકુર યોજનાનાં મુકવામાં આવેલ કોમન એરીયા તથા કોમન એમીનીટીઝ તથા ફેસીલીટીઝ યોગ્ય વહીવટ અને જાળવણી માટે વેચાણ લેનારે મજકુર યોજનાનાં અન્ય વેચાણ રાખનારાઓ સાથે મળી કોઈ એસોસીએશન અગર સોસાયટી અગર અન્ય સંસ્થાની સ્થાપના કરવાની રહેશે અને આ રીતે સ્થાપવામાં આવનાર સંસ્થાને હવે પછી **"મજકુર સોસાયટી"** તરીકે સંબોધવામાં આવશે અને મજકુર સોસાયટીની યોગ્ય નોંધણી કરવા માટે જરૂરી કાગળો, સભાસદોની યાદી, કારોબારી સભ્યોના હોદા સહિતની યાદી, પેટાનિયમો, અરજીઓ વિગેરે જે કાઈ માહિતી વેચાણ આપનાર દ્વારા વેચાણ લેનારને આપવામાં આવેલી હોય તે તમામ દિન–૭(સાત) સુધીમાં પરીપૂર્ણ કરીને વેચાણ આપનારને સહી–સિકકા કરીને સક્ષમ કચેરીમાં નોંધણી કરવા માટે કાર્યવાહી કરવા સુપ્રત કરવાની રહેશે અને મજકુર સોસાયટીના જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ અગર રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ અગર અન્ય સક્ષમ અધિકૃત કચેરી દ્વારા સુચવવામાં આવે તે મુજબનાં સુધારા વધારા પેટાનિયમોમાં કરવામાં આવે તો તે અંગે વેચાણ લેનાર દ્વારા કોઈ વાંધો કે તકરાર લેવાના નથી.

**(૯.૧)** વેચાણ આપનાર દ્વારા મજકુર યુનીટનો કબજો લઈ વાપરવાપાત્ર છે તે મુજબની દિન–૧૫ માં લેખિત નોટીસ વેચાણ લેનારને મળેથી વેચાણ લેનાર મજકુર યોજનામાં રહેલા કોમન એરીયાના વરાડે પડતા વગર વહેચાયેલા હકક અંગે તેમજ મજકુર જમીનમાં રહેલા વરાડે પડતા ટેક્ષ, વેરા, મહેસુલ, ઉપકર, રૂપાંતર કર, વહીવટી ખર્ચ, વીમા ખર્ચ, પાણી ચાર્જીસ, કોમન સમારકામ ખર્ચ, કોમન વીજળી ખર્ચ, કોમન એમીનીટીઝ તથા

ફેસીલીટીઝના સમારકામ, સુધારા વધારાના ખર્ચ, ચોકીદારો, સફાઈ કામદારો, એકાઉન્ટ કર્લાક વિગેરેનાં પગાર/ફી તેમજ મજકુર યોજનાના યોગ્ય વહીવટ અને વ્યવસ્થા અંગે જરૂરી તમામ ખર્ચાઓ મજકુર મીલકત મુજબ વરાડે પડતી રકમો ભરવા વેચાણ લેનાર બંધાયેલા છે અને રહેશે. જયાં સુધી સોસાયટી દ્વારા કોઈ એક યોગ્ય રકમ નકકી કરવામાં ન આવે ત્યાં સુધી ઉપર મુજબનાં ખર્ચ અંગે વેચાણ લેનાર દ્વારા ચુકવેલા ડિપોઝીટની રકમો જયાં સુધી યોગ્ય સોસાયટી/સંસ્થા/મેઈન્ટેનન્સ કંપનીની સ્થાપના કરવામાં ન આવે ત્યા સુધી વેચાણ આપનાર પાસે વગર વ્યાજે જમા રહેશે અને તેમાંથી વેચાણ આપનારે ઉપર મુજબનાં ખર્ચ કરવાનાં રહેશે.

**(૧૦)** આ કરારની અન્ય જોગવાઈમાં દર્શાવવામાં ન આવેલ હોય પરંતુ મજકુર યોજના અંગે જો કોઈપણ ખર્ચ ચુકવવાપાત્ર થાય તો તેવા ખર્ચની રકમો પૈકી વેચાણ લેનારને મજકુર યુનીટ મુજબ વરાડે પડતી વગર વહેંચાયેલ રકમ વેચાણ આપનારને મજકુર યુનીટનો કબજો વેચાણ લેનારને સોપવામાં આવે તે તારીખથી ગણી ચુકવવાની છે અને રહેશે.

**(૧૧)** મજકુર યોજનાના યોગ્ય વહીવટ અને વ્યવસ્થા માટે મજકુર સોસાયટી/મેઈન્ટેનન્સ કંપની/એસોસીએશનની યોગ્ય રચના કરવા અંગે જરૂરી અરજીઓ  કરવા, પેટાનિયમો તૈયાર કરવા, સક્ષમ અધિકારીની કચેરીમાં રજુઆત કરવા તેને લગતા અન્ય કાગળો તૈયાર કરવા, તેની નોંધણી કરાવવા વિગેરે કાર્યો કરવા જે કોઈપણ કાનુની સલાહકાર, વકીલ, સોલીસીટર્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વિગેરે રોકવાની જરૂરીયાત ઉપસ્થિત થાય તો તે અંગેની જરૂરી ફી તથા જે–તે કચેરીમાં ચુકવવા ખર્ચ તથા ચાર્જીસ અંગે વેચાણ લેનાર મજકુર યુનીટનાં ધોરણે વરાડે પડતી અલગથી ચુકવવાની રહેશે.

**(૧૨)** તેમજ મજકુર જમીન પૈકીની વગર વહેંચાયેલ વરાડે પડતી જમીનમાં હકકો વેચાણ લેનારને મળવાપાત્ર છે અને તે રીતે મજકુર જમીન અંગેનો દસ્તાવેજ મજકુર સોસાયટીની તરફેણમાં કરવાપાત્ર નથી તેમ છતા જો મજકુર જમીનનો દસ્તાવેજ સોસાયટીની તરફેણમાં કરવાની જરૂરીયાત ઉપસ્થિત થાય તો અગર મજકુર યોજનામાં મુકવામાં આવેલ કોમન એરીયા તથા કોમન એમીનીટીઝ તથા ફેસીલીટીઝ સોસાયટીનાં નામે ભાડાપટ્ટે સોપણી કરવામાં આવે તો તે અંગેની સ્ટેમ્પ ડયુટી તેમજ નોંધણી ફી ની રકમ જે ભરવાપાત્ર થાય તે

રકમો પૈકીની મજકુર યુનીટની વરાડે પડતી રકમો ચુકવવા વેચાણ લેનાર જવાબદાર છે અને રહેશે.

**(૧૩) વેચાણ આપનારની ખાતરી અને બાંહેધરી**

**૧૩.૧** આ કરારનાં વેચાણ આપનારના મજકુર જમીન તથા મજકુર યોજનાના તમામ રાઈટ ટાઈટલ કલીયર, માર્કેટેબલ અને સેલેબલ છે અને તે મુજબને ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ તેમના એડવોકેટ પાસેથી મેળવી લીધેલ છે અને એ રીતે મજકુર જમીન ઉપર મજકુર યોજના મુકવાનો વેચાણ આપનારને સંપૂર્ણ હકક અને અધિકાર છે.

**૧૩.૨** મજકુર યોજનાના વિકાસ માટે જે તે સક્ષમ કચેરી/અધિકારી પાસેથી મેળવવાપાત્ર તમામ મંજુરીઓ/હુકમો/પરવાનગીઓ વેચાણ આપનારે મેળવેલ છે.

**૧૩.૩** મજકુર જમીનમાં ટાઈટલ રીપોર્ટમાં દર્શાવ્યા મુજબ કોઈપણ પ્રકારનો અવરોધ નથી.

**૧૩.૪** મજકુર જમીનમાં ટાઈટલ રીપોર્ટમાં દર્શાવેલ અગાઉનાં અદાલતી મુકદમા હાલ જારી નથી.

**૧૩.૫** મજકુર જમીન, મજકુર યોજના અને મજકુર યુનીટ અંગે જે કોઈપણ પરવાનગી, હુકમો, મંજુરીઓ મેળવવાની થતી હોય તે તમામ વેચાણ આપનારે કાયદેસરની પ્રકીયા કરીને મેળવેલ છે તેમજ ભવિષ્યમાં તે મુજબની જે કોઈપણ પરવાનગી, હુકમો, મંજુરીઓ મેળવવાની થાય તે પણ કાયદેસરની પ્રકીયા કરીને મેળવવાની રહેશે તેમજ વેચાણ આપનાર મજકુર જમીન, મજકુર યોજના અને મજકુર યુનીટ અંગે જે કોઈપણ કાયદા, જોગવાઈ, નિયમો અમલમાં આવે તે તમામનું પાલન કરવા બંધાયેલા છે.

**૧૩.૬** મજકુર મીલકતનો આ બાનાખત કરવા માટે વેચાણ આપનાર કાયદેસર રીતે હકકદાર છે એન મજકુર મીલકતના રાઈટ, ટાઈટલને નુકસાન થાય અગર તેને અસર કરે તેવુ કોઈપણ કૃત્ય વેચાણ આપનારે કરેલ નથી.

**૧૩.૭** વેચાણ લેનારને અસર કરે તે મુજબનાં મજકુર યોજના કે તેના કોઈપણ ભાગ અંગે અગર મજકુર યુનીટ અંગે અન્ય કોઈપણ વ્યકિત કે વિકાસકાર કે સંસ્થા સાથે કોઈપણ જાતનાં કરારો, લખાણો, વ્યવહારો વેચાણ આપનારે કરેલા નથી.

**૧૩.૮** મજકુર યુનીટનું વેચાણ લેનારની તરફેણમાં વેચાણ કરવા અંગે વેચાણ આપનાર કોઈપણ રીતે અબાધિત નથી તેની વેચાણ આપનાર આથી બાંહેધરી આપે છે.

**૧૩.૯** મજકુર યોજનાના તમામ યુનીટોનું વેચાણ થયેથી વેચાણ આપનાર મજકુર યોજનાની કોમન એમીનીટીઝ તથા ફેસીલીટીઝ તેમજ કોમન એરીયાનો વહીવટ તેમજ તેને આનુષંગીક જમા કરવામાં આવેલ વહીવટી ફાળાની રકમ તથા તેમાથી થયેલ ખર્ચ સહિતનાં હિસાબો સહિત તથા મજકુર યોજનાનાં તમામ બંધારણ સહિત સ્થાપવામાં આવનાર સોસાયટીને સોપવા બંધાયેલા છે અને રહેશે.

**૧૩.૧૦** મજકુર યુનીટનો કબજો વેચાણ લેનારને સોપવામાં આવે અગર મજકુર યુનીટનો વેચાણ દસ્તાવેજ વેચાણ લેનારની તરફેણમાં કરવામાં આવે, તે બે માંથી જે પ્રથમ થાય ત્યાં સુધી વેચાણ આપનાર મજકુર યોજનાનાં સંદર્ભમાં મજકુર યુનીટ મુજબ વરાડે પડતી ચુકવવાપાત્ર રકમો, વહીવટ ખર્ચ, ટેક્ષ, લાગા, વેરા, ઉપકર, જમીન મહેસુલ, પ્રિમીયમ, દંડ વિગેરે તમામ ચુકવણી ચાલુ રાખવાની રહેશે.

**૧૩.૧૧** મજકુર યોજનામાં અગર મજકુર જમીનને સંપાદનમાં અગર અધિગ્રહણ કરવા અંગેનો કોઈ સ્થાનિક/રાજય/કેન્દ્ર સરકાર દ્વારા જાહેરનામુ, વટહુકમ કે ખાનગી નોટીસ વેચાણ આપનારને આપવામાં આવેલ નથી અગર મળેલ નથી.

**(૧૪)** વેચાણ લેનાર પોતે જાતે તથા તેના કુટુંબનાં સભ્યો તથા મજકુર યુનીટનો ઉપયોગ કરનાર વ્યકિતઓ વતી આથી વેચાણ આપનારને ખાતરી અને બાંહેધરી આપે છે કે,

**૧૪.૧** વેચાણ લેનારે મજકુર યુનીટનો કબજો સોપવામાં આવે ત્યારથી વેચાણ લેનાર મજકુર યુનીટની સારસંભાળ તથા વહીવટ પોતાના ખર્ચે યોગ્ય રીતે કરવાનો રહેશે તેમજ મજકુર યુનીટને અગર મજકુર યોજનાના અન્ય યુનીટોને તેમજ મજકુર યોજનાના અન્ય ભાગોને નુકસાન થાય તે મુજબનાં કોઈપણ જાતનાં સુધારા વધારા મજકુર યુનીટમાં કરવાનાં નથી તેમજ કાયદેસરનાં જે કોઈપણ સુધારા વધારા મજુકર યુનીટમાં કરવાપાત્ર હોય તે તમામ વેચાણ લેનારે વેચાણ આપનાર અગર મજકુર સોસાયટી અગર સક્ષમ હકુમત કે અધિકારીની લેખિત પરવાનગી મેળવીને કરવાના છે અને રહેશે.

**૧૪.૨** મજકુર યુનીટને અગર મજકુર યોજનાના કોઈપણ આંતરીક કે બાહ્યભાગને નુકસાન થાય અગર જાનમાલની હાની થાય અગર પ્રકૃતિને નુકસાન થાય તેવા કોઈપણ ગેરકાયદેસરના અને જોખમી પ્રવાહી, માલસામાન વિગેરે વેચાણ લેનારે મજકુર યુનીટમાં સંગ્રહ કરવાનો નથી. તેમજ મજકુર યુનીટમાં કોઈપણ જાતનો માલસામાન, મજકુર યોજનાના દરવાજા, સીડી, દિવાલો કે અન્ય કોમન એમીનીટીઝ કે ફેસીલીટીઝ ને અગર

અન્ય યુનીટોને નુકસાન ન થાય તે રીતે લાવવા લઈ જવાનો રહેશે તેમ છતા જો વેચાણ લેનાર દ્વારા આ મુજબનું કૃત્ય કરવામાં આવશે તો તે અંગેના પરિણામો, નુકસાન તથા ખર્ચની તમામ જવાબદારી વેચાણ લેનારની હોવાનું ગણાશે.

**૧૪.૩** વેચાણ લેનારે મજકુર યુનીટનાં આંતરીક અને બાહ્યભાગોમાં અગર આરસીસી, બીમ, સીલીંગ, કોલમ, સ્લેબ વિગેરેમાં અગર મજકુર યોજનાનાં અન્ય યુનીટો, બિલ્ડીંગ કે અન્ય ભાગોને નુકસાન થાય તે મુજબની તોડફોડ કરવાની નથી તે મજકુર યુનીટની બાહ્ય દિવાલમાં કરવામાં આવેલ રંગરોગાન કે દેખાવમાં કોઈ ફેરફાર કરવાનો નથી અગર મજકુર યુનીટમાં કરવામાં આવેલ નળ–ગટર–પાણીના જોડાણો કે વીજળીનાં જોડાણોમાં વેચાણ આપનાર અગર મજકુર સોસાયટી અગર સ્થાનિક સક્ષમ અધિકારીની લેખિત સુચના/સંમતિ વગર ફેરફારો કરવા કરાવવાનાં નથી. તેમ છતા જો વેચાણ લેનાર દ્વારા આ મુજબનું કૃત્ય કરવામાં આવશે તો તે અંગેનાં પરિણામો, નુકસાન તથા ખર્ચની તમામ જવાબદારી વેચાણ લેનારની હોવાનું ગણાશે.

**૧૪.૪** મજકુર યોજનાનું નામ હરહંમેશ માટે માત્ર **"ફોર્ચ્યુન પરિસર"** રહેશે અને તે કોઈપણ સંજોગોમાં બદલવાનું રહેશે નહી.

**૧૪.૫** મજકુર યોજનાનાં વીમાની રકમ અગર ચુકવવાપાત્ર પ્રીમીયમની રકમમાં વધારો થઈ શકે તેવુ કોઈપણ જાતનું કૃત્ય કે કાર્યવાહી વેચાણ લેનારે કરવા કરાવવાની નથી તેમ છતા જો તેવુ કોઈ કૃત્ય વેચાણ લેનાર દ્વારા કરવામાં આવશે તો તેવા વધારાનાં ચુકવવાપાત્ર રકમની જવાબદારી વેચાણ લેનારની રહેશે.

**૧૪.૬** મજકુર યોજનાનાં યોગ્ય વહીવટ અને વ્યવસ્યા માટે સફાઈ કામદારો રાખવામાં આવશે અને તે રીતે વેચાણ લેનારે મજકુર યોજનાના કોઈપણ ભાગમાં ગંદકી થાય તે મુજબનો સુકો કે લીલો કચરો કોઈપણ જગ્યાએ ફેકવાનો નથી પરંતુ તેવો કચરો પોતાના યુનીટમાં દૈનિક ધોરણે એકઠો કરવાનો રહેશે અને સફાઈ કામદારને સોપવાનો રહેશે.

**૧૪.૭** વેચાણ આપનાર અગર મજકુર સોસાયટી દ્વારા માંગણી કરવામાં આવે ત્યારે અગર અગાઉ જે સુચના આપવામાં આવેલી હોય તે મુજબ દિન–૧૦ સુધીમાં વેચાણ લેનારે સ્થાનિક કચેરીઓમાં વરાડે પડતી ચુકવવાની સીકયોરીટી ડિપોઝીટની રકમો તેમજ માસીક વહીવટ ખર્ચની રકમો વિગેરે વિનાઆનાકાનીએ ચુકવવાની રહેશે.

**૧૪.૮** મજકુર યુનીટનાં સ્થાનીક અધિકૃત કચેરીને ચુકવવાપાત્ર ટેક્ષ, બીલ, વેરા, વીમો વિગેરેની રકમો વેચાણ લેનારે યોગ્ય સમયે ચુકવવાની રહેશે. તેમજ મજકુર યુનીટનાં વેચાણ લેનાર દ્વારા જો કોઈ ફેરફાર કરવામાં આવે અને તે કારણોસર આ મુજબની રકમોમાં વધારો થાય તો તે પણ વેચાણ લેનારે ચુકવવાની રહેશે.

**૧૪.૯** જયાં સુધી વેચાણ આપનાર અગર મજકુર સોસાયટીને ચુકવવાપાત્ર રકમોની ચુકવણી ન થાય ત્યા સુધી તેમજ વેચાણ આપનાર અગર મજકુર સોસાયટી દ્વારા અગાઉથી લેખિતમાં પરવાનગી આપવામાં ન આવે ત્યા સુધી વેચાણ લેનાર આ બાનાખતમાં કરારનાં લાભ અને પરિબળ સહિત મજકુર યુનીટને વેચાણ, ભાડાપટ્ટે, એસાઈન તબદિલી કે અન્ય કોઈપણ રીતે સોપી શકશે નહી.

**૧૪.૧૦** મજકુર યોજનાનાં યોગ્ય વહીવટ અને વ્યવસ્થા માટે વેચાણ આપનાર તથા મજકુર સોસાયટી દ્વારા નકકી કરવામાં આવેલ ધારાધોરણ, નીતિનિયમોનું વેચાણ લેનારે પાલન કરવાનું રહેશે. તેમજ ભવિષ્યમાં તેવા ધારાધોરણ, નીતિનિયમોમાં સર્વસંમતિથી અગર બહુમતીથી સુધારા વધારા, ફેરફાર કરવામાં આવે તો તમામનું પણ વેચાણ લેનારે અગર વખતો વખતનાં કબજેદારોએ પાલન કરવાનું છે અને રહેશે. તેમજ કેન્દ્ર/રાજય સરકાર કે સ્થાનિક હકુમત દ્વારા જો કોઈ નિયમો કાયદાઓમાં સુધારા વધારા કે અમલમાં મુકવામાં આવે તો તમામનું વેચાણ લેનારે પાલન કરવાનું છે અને રહેશે અને તે કારણોસર વેચાણ લેનાર મજકુર યુનીટ અંગે જે કોઈપણ રકમો ચુકવતા આવતા હોય તેમાં સુધારો વધારો થાય તે રકમો વેચાણ લેનારે ચુકવવાની છે અને રહેશે.

**૧૪.૧૧** વેચાણ લેનાર આ કરારનાં વેચાણ આપનારને તથા તેના સર્વેયર, કર્મચારીઓ વિગેરેને યોગ્ય સમયે મજકુર યુનીટની પરિસ્થિતીની ચકાસણી કરવા મજકુર યુનીટમાં પ્રવેશ કરવાની પરવાનગી આપશે.

**(૧૫)** વેચાણ આપનારને વહીવટી ફાળા તરીકે અગાઉથી ચુકવવામાં આવેલી રકમો અગર જમા કરવામાં આવેલ રકમો, તેમજ સોસાયટીની સ્થાપના કરવા અંગે મેળવેલ રકમો તેમજ મજકુર યોજનાનાં કોમન વહીવટી ખર્ચ અંગે મેળવેલ રકમો, કાનુની સલાહકારને ચુકવવાની મેળવેલ રકમો અંગે વેચાણ આપનારની સ્થાનીક યોગ્ય બેકમાં ખાતુ ખોલાવવાનું રહેશે અને તે રકમોનો વેચાણ આપનારે માત્ર તે મુજબનાં ખર્ચ માટે જ ઉપયોગ કરવાનો રહેશે.

**(૧૬)** આ બાનાખતનાં કરારમાં દર્શાવેલ ન હોય તેવી કોઈપણ વિષય, વસ્તુ કે મજકુર યોજનાનાં કોઈપણ ભાગને કોઈપણ સંજોગોમાં મજકુર યુનીટ સાથેનો ભાગ કે હકક ગણવાનો રહેશે નહી. તેમજ વેચાણ લેનારને મજકુર યુનીટ સાથે પ્રાપ્ત થયેલ કોમન એરીયાનાં વરાડે પડતા વગર વહેચાયેલ હકકો સિવાય કોઈપણ હકક પ્રાપ્ત થશે નહી અને જયા સુધી વેચાણ આપનાર દ્વારા મજકુર યોજનાનાં ખુલ્લા ભાગો, ધાબા, પાર્કીગ, લોબી, સીડી તથા અન્ય કોમન વિસ્તાર વેચાણ કે તબદીલ કરવામાં ન આવે ત્યાં સુધી તેની માલીકી વેચાણ આપનારની હોવાનું ગણાશે.

**(૧૭)** આ બાનાખતનાં કરારની તારીખથી વેચાણ આપનાર મજુકર યુનીટ કોઈપણ રીતે ગીરો કે બોજામાં મુકી શકશે નહી તે મુજબનો કોઈપણ ચાર્જ ઉપસ્થિત કરી શકશે નહી અને જો તેવું વેચાણ આપનાર દ્વારા કરવામાં આવે તો તે વેચાણ લેનારનાં બાનાખત કરારથી પ્રાપ્ત થયેલ હીત તથા હકકોને અસર કરશે નહી.

**(૧૮)** આ બાનાખત કરાર વેચાણ આપનાર દ્વારા વેચાણ લેનારને ચકાસણી અર્થે સોપવામાં આવશે તેનાથી કોઈપણ પક્ષકાર ઉપર કોઈપણ જાતની જવાબદારી ઉપસ્થિત થશે નહી. જયાં સુધી આ બાનાખતનાં કરારમાં જણાવેલ પેમેન્ટ પ્લાનની વિગતો મુજબ ચુકવણી સહિત તથા અન્ય શરતો અને જોગવાઈઓ મંજુર કરીને દિન–૩૦ માં સહી મતા કરીને વેચાણ આપનારને સુપ્રત ન કરે તેમજ વેચાણ આપનારની સુચના મુજબ તેની જરૂરી નોંધણી ન કરાવે ત્યાં સુધી આ બાનાખતમાં જણાવેલ જોગવાઈઓનો અમલ થયેલો ગણાશે નહી. જો વેચાણ લેનાર બાનાખતનો કરાર મળેથી દિન–૩૦(ત્રીસ) માં તેની સહીમતા કરીને સુપ્રત કરવામાં અગર વેચાણ આપનારની સુચના મુજબ તેની નોંધણી કરવામાં નિષ્ફળ જાય તો વેચાણ આપનાર તેવુ કૃત્ય સુધારવા માટે વેચાણ લેનારે દિન–૧૫(પંદર) ની લેખિત નોટીસ આપીને જાણ કરશે અને તે નોટીસ મુજબ જો વેચાણ લેનાર દ્વારા વર્તન કરવામાં ન આવે તો વેચાણ આપનાર મજકુર યુનીટ અંગેની વેચાણ લેનારની બુકીંગ અરજી રદ કરવા હકકદાર રહેશે અને તે મુજબનાં કસુરનાં કરાણે વેચાણ લેનાર દ્વારા જમા કરવામાં આવેલ રકમનાં ૧૦% રકમ ફોરફીટ કરીને બાકીની રકમ વેચાણ આપનારે વિના વ્યાજે તેમજ વિના વળતરે વેચાણ લેનારને સુપ્રત કરવાની રહેશે.

**(૧૯)** આ બાનાખતનો કરાર તથા તેમા દર્શાવવામાં આવેલ પરિશીષ્ટ, એનેક્ષર વિગેરે આ કરારનાં પક્ષકારો વચ્ચે મજકુર યુનીટનાં વેચાણ વ્યવહાર માટે બંધારણ ઉપસ્થિત કરે છે

અને તે રીતે મજકુર યુનીટ અંગે અગાઉ જે કોઈપણ મૌલિક કે લેખિત કરાર, એલોટમેન્ટ, પત્રવ્યવહાર, સમજુતી વિગેરે પક્ષકારો વચ્ચે કરવામાં આવેલ હોય તે તમામ આ કરારમાં આવરી લેવામાં આવેલ હોય રદબાતલ ગણવામાં આવે છે.

**(૨૦)** આ બાનાખતનાં કરારની શરતો અને જોગવાઈઓમાં બન્ને પક્ષકારોની લેખિત સંમતિથી સુધારો વધારો કરી શકશે.

**(૨૧)** આ બાનાખતનાં કરારમાં જણાવેલ શરતો, જોગવાઈઓ અને જવાબદારીઓ મજુકર યુનીટનાં વેચાણ લેનાર તેમજ તેના કુટુંબનાં સભ્યો, વંશ, વાલી, વારસો, વખતો વખતનાં માલીકો, કબજેદારો વિગેરે તમામને હરહંમેશ લાગુ પડશે અને તેઓ તેના અમલ કરવા બંધાયેલા રહેશે તે હકીકત વેચાણ લેનાર સ્પષ્ટપણે કબુલ મંજુર રાખે છે.

**(૨૨)** જો આ બાનાખતમાં જણાવેલ શરતો, જોગવાઈઓ કે નિયમો રાજય/કેન્દ્ર સરકારનાં કોઈ કાયદા અગર કોઈ કોર્ટ/કચેરીનાં હુકમો મુજબ અયોગ્ય અગર બિનઅસરકારક હોવાનુ ફલીત થયા તો તે સંજોગોમાં તેવી શરત, જોગવાઈ કે નિયમોમાં સુધારો કરવાનો રહેશે અગર તે રદ કરવાનો રહેશે તેમજ તેના બદલે કાયદા મુજબ જો કોઈ નવી શરત, જોગવાઈ કે નિયમોનો ઉમેરો કરવામાં આવે તો તે બન્ને પક્ષકારો ને બંધનકર્તા રહેશે તેમજ આ મુજબનાં કારણોસર આ બાનાખત કરારની અન્ય શરતો કે જોગવાઈઓ કે નિયમોને કોઈપણ જાતની અસર થશે નહી અને તેનો અમલ જારી રહેશે.

**(૨૩)** વેચાણ લેનારે મજકુર યોજનાનાં અન્ય યુનીટનાં વેચાણ લેનારાઓ સાથે મજકુર યોજના અંગે ચુકવવાની રકમો અંગે વેચાણ આપનાર દ્વારા મજકુર યુનીટનાં કાર્પેટ એરીયા મુજબ મજકુર યોજનાનાં કોમન એરીયામાં વેચાણ લેનારને વરાડે પડતો વગર વહેચાયેલ હકક, હિત, હિસ્સો આપવામાં આવેલ છે અને વેચાણ લેનાર તે મુજબનાં વરાડે પડતા વગર વહેચાયેલ હિસ્સા મુજબનું ધોરણ અમલમાં લેવાનું રહેશે.

**(૨૪)** આ બાનાખતનાં કરારમાં જણાવેલ શરતો, જોગવાઈઓ અને નિયમોને આધીન જો મજકુર યુનીટનાં વેચાણ વ્યવહારનો યોગ્ય અમલ કરવા માટે જો પક્ષકારો વચ્ચે કોઈપણ લખાણો, દસ્તાવેજો, કાગળો વિગેરે કરવાની જરૂરીયાત ઉપસ્થિત થાય તો બન્ને પક્ષકારોએ તેવા લખાણો, દસ્તાવેજો, કાગળો વિગેરે જે તે પક્ષકારની તરફેણમાં વિનાઆનાકાનીએ કરી આપવાની રહેશે.

**(૨૫)** આ બાનાખતનો કરાર વેચાણ આપનારની ઓફીસે અગર બન્ને પક્ષકારોને માન્ય તેવા શહેર અમદાવાદ નાં કોઈપણ સ્થળે કરવાનો રહેશે અને આ બાનાખત કરારમાં વેચાણ આપનારે અગર તેના અધિકૃત વ્યકિતએ પાવર ઓફ એર્ટની એ સહીમતા કરવાનાં રહેશે અને તેની નોંધણી સક્ષમ નોંધણીની કચેરીમાં અગર અન્ય સક્ષમ અધિકૃત અધિકારી પાસે કરાવવાની રહેશે અને તે મુજબ આ બાનાખતનાં કરારનો અમલ ગણવાનો રહેશે.

**(૨૬)** મજકુર મીલકત અંગેનો આ બાનાખતનો કરાર તેમજ વેચાણ દસ્તાવેજ કે અન્ય કોઈપણ દસ્તાવેજ વેચાણ લેનાર અગર વેચાણ આપનાર અગર વેચાણ આપનારનાં અધિકૃત વ્યકિતએ નોંધણી અર્થે નોંધણી અધિનિયમની જોગવાઈઓને આધીન યોગ્ય સમયમર્યાદામાં સક્ષમ કચેરીમાં રજુ કરવાનો છે અને રહેશે.

**(૨૭)** આ કરારની કોઈપણ જોગવાઈ ઉકત અધિનીયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનીયમો હેઠળ લાગુ પડવાપાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિનઅમલપાત્ર બનાવવાનું નકકી કરવામાં આવે તો આવી જોગવાઈઓ તે આ કરારનાં હેતુ માટે અસંગત હોય એટલા પુરતી અને આ અધિનીયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે તે અનુરૂપ હોવી જરૂરી હોય તેટલા પ્રમાણમાં તે સુધારાયેલી અથવા રદ થયેલી ગણાશે અને આ કરારની બાકીની જોગવાઈઓ આ કરારનાં અમલ વખતે લાગુ પડતી હતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

**(૨૮)** મજકુર મીલકતનાં આ બાનાખતનાં કરારને આધીન આ બાનાખતનાં પક્ષકારોને મોકલવાપાત્ર તમામ વ્યવહારોની બજવણી પક્ષકારોનાં નીચે મુજબનાં સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. થી તેમજ ઈ–મેઈલથી અગર યોગ્ય પોસ્ટલ પ્રમાણીત મારફતે કરવાની છે અને રહેશે અને તે મુજબ કરવામાં આવેલ પત્રવ્યવહારને માન્ય ગણવામાં આવશે.

**વેચાણ આપનાર**

**નામ** : **વેદાંત ઈન્ફ્રાસ્ટ** એ નામની ભાગીદારી પેઢી

**સરનામું** : ૨૬, વસંતવિહાર, ખોડલ ફાર્મ સામેનો ખાંચો, ડી–માર્ટ પાસે, નિકોલ, અમદાવાદ.

**ઈ મેઈલ** : vedantinfrast22@gmail.com

**વેચાણ લેનાર**

**નામ** :

**સરનામું** :

**ઈ મેઈલ** :

આ બાનાખતનો કરાર કર્યા તારીખથી જો ઉપર જણાવ્યા મુજબનાં વેચાણ આપનાર અગર વેચાણ લેનારની પત્રવ્યવહારની વિગતોમાં કોઈ સુધારો કરવામાં આવે તો તેની લેખિત જાણ જે તે પક્ષકારને કરવાની રહેશે અને જો તે મુજબની જાણ જે તે પક્ષકાર દ્વારા અન્ય પક્ષકારને કરવામાં ન આવે તો તે સંજોગોમાં જે તે પક્ષકાર પાસે રહેલ પત્રવ્યવહારની અંતિમ વિગત ગણાશે અને તે મુજબના પત્રવ્યવહાર જે તે પક્ષકારોને બંધનકર્તા રહેશે.

**(૨૯)** જો મજકુર મીલકત એક થી વધુ વ્યકિત દ્વારા સયુકત રીતે ધારણકર્તા હોય તો તે સંજોગોમાં આ બાનાખતનાં કરારમાં તેમજ તબદીલીમાં દસ્તાવેજમાં વેચાણ લેનાર તરીકે જે પ્રથમ વ્યકિતનું નામ હોય તે વ્યકિતનાં નામે તથા સરનામે પત્રવ્યવહાર કરવામાં આવશે અને તેવા પત્રવ્યવહાર તમામ વેચાણ લેનારને મોકલવામાં આવેલ છે અને મળેલ છે તેમ માનવામાં આવશે.

**(૩૦)** મજકુર મીલકતનાં આ બાનાખતનાં કરાર તેમજ તબદીલીનાં દસ્તાવેજ અગર આ બાનાખતનાં કરારમાં જણાવ્યા મુજબનાં અન્ય કોઈપણ કાગળો, લખાણો વિગેરે ભરવાપાત્ર સ્ટેમ્પ ડયુટી તથા નોંધણી ફી નો ખર્ચ વેચાણ લેનારે ભોગવવાનો છે અને રહેશે.

**(૩૧)** જો આ બાનાખત કરારમાં જણાવેલ કોઈપણ શરતો, જોગવાઈઓ અને જવાબદારીઓ અંગે પક્ષકારો વચ્ચે મતભેદ કે તકરાર ઉપસ્થિત થાય તો તેનુ નિરાકરણ બન્ને પક્ષકારોએ વાટાઘાટોથી કરવાનું રહેશે તેમ છતા જો નિરાકરણ ન આવે તો જે તે પક્ષકારે રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એકટ તથા નિયમોને આધીન સ્થપાયેલ ધી ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીનાં સક્ષમ અધિકારી દ્વારા લાવવાનું રહેશે.

**(૩૨)** આ બાનાખતના કરારમાં જણાવેલ શરતો, જોગવાઈઓ અને જવાબદારીઓ તેમજ તેને ઉદભવતા પ્રશ્નોને ભારત દેશમાં અમલમાં હોય તેમજ વખતો વખત અમલમાં મુકવામાં આવે તેવા તમામ કાયદા અને નિયમો લાગુ હોવાનું ગણાશે અને આ બાનાખતનાં કરારની જોગવાઈઓ અને જવાબદારીનાં અમલ અંગેનું ન્યાયીક અદાલતનું અધિકારક્ષેત્ર શહેર અમદાવાદ હોવાનું ગણાશે.

## પરિશિષ્ટ—૧

## મજકુર સઘળી જમીનનું વર્ણન

જત, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબ—ડીસ્ટ્રીકટ અમદાવાદ—૬(નરોડા) તાલુકા અસારવાનાં મોજે ગામ હંસપુરાના **બ્લોક/સર્વે નં.૪૯/અ** ની ૨૬૩૦૫ ચો.મી. જમીનનો સમાવેશ **ટી.પી.સ્કીમ નં.૧૨૧** માં થતા ફાળવવામાં આવેલ **ફાઈનલ પ્લોટ નં.૯૦/૧**

ની **૧૫૭૮૩ ચો.મી.** બીનખેતીની જમીનમાં અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા પાસ કરવામાં આવેલ સબ પ્લોટનાં પ્લાન મુજબ **સબ પ્લોટ નં. ૦૨ ની ૩૧૫૬.૮૬ ચો.મી.** બિનખેતીની જમીનનાં ખુંટચારની વિગત નીચે મુજબ છે.

પુર્વે :– ૧૮ મીટર રોડ આવેલ છે.

પશ્વિમે :– ફાઈનલ પ્લોટ નં. ૧૩૪/૧ વાળી જમીન આવેલ છે.

ઉત્તરે :– સબ પ્લોટ નં. ૦૧ વાળી જમીન આવેલ છે.

દક્ષિણે :– સબ પ્લોટ નં. ૦૩ વાળી જમીન આવેલ છે.

## પરિશિષ્ટ–૨
## કોમન એમીનીટીઝ તથા ફેસીલીટીઝની વિગત

| | |
|---|---|
| – આકર્ષક એલીવેશન | – દરેક બ્લોકમાં લીફટ |
| – સીકયોરીટી કેબીન | – ૨૪ કલાક પાણીની સુવિધા |
| – ડબલ બેઝમેન્ટ | – અંડર ગ્રાઉન્ડ અને ઓવરહેડ પાણીની ટાંકી |

## પરિશિષ્ટ–એ
## મજકુર મીલકતનું વર્ણન

જત, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબ–ડીસ્ટ્રીકટ અમદાવાદ–૬(નરોડા) તાલુકા અસારવાનાં મોજે ગામ હંસપુરાના **બ્લોક/સર્વે નં.૪૯/અ** ની ૨૬૩૦૫ ચો.મી. જમીનનો સમાવેશ **ટી.પી.સ્કીમ નં.૧૨૧** માં થતા ફાળવવામાં આવેલ **ફાઈનલ પ્લોટ નં.૯૦/૧** ની **૧૫૭૮૩ ચો.મી.** બીનખેતીની જમીનમાં અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા પાસ કરવામાં આવેલ સબ પ્લોટનાં પ્લાન મુજબ **સબ પ્લોટ નં. ૦૨ ની ૩૧૫૬.૮૬ ચો.મી.** બિનખેતીની જમીનમાં આવેલ **"ફોર્ચ્યુન પરિસર"** નામની યોજનાનાં **બ્લોક "....."** નાં નીચે જણાવેલ મીલકત તથા મજકુર રહેણાંક યોજનામાં મુકવામાં આવેલ કોમન એરીયા, કોમન એમીનીટીઝ અને ફેસીલીટીઝ વગર વહેંચાયેલા હકકો સહીતની મીલકતનાં ખુંટચારની વિગત :–

**બ્લોક નંબર :–**
**ફલેટ નંબર :–**
**માળ :–**
**કારપેટ ક્ષેત્રફળ :– ............ ચો.મી.**
**જમીનનો વ.વ. હિસ્સો :– .......... ચો.મી.**

**–: ખુંટચારની વિગતઃ–**

પુર્વે :–

પશ્ચિમે :–

ઉત્તરે :–

દક્ષિણે :–

એ રીતે ખુંટચાર વચલી સઘળી મીલકત

**<u>પરિશિષ્ટ–બી</u>**

**<u>મજકુર યુનીટનાં ફલોર પ્લાનની નકલ</u>**

**<u>અલગથી આપવામાં આવેલ છે.</u>**

**<u>એનેક્ષર–એ</u>**

**<u>મજકુર યુનીટને લગતા લે આઉટ પ્લાન અને રજાચિઠ્ઠીની નકલ</u>**

**<u>અલગથી આપવામાં આવેલ છે.</u>**

**<u>એનેક્ષર–બી</u>**

**<u>રેરા નોંધણી પ્રમાણપત્રની નકલ</u>**

**<u>અલગથી આપવામાં આવેલ છે.</u>**

**<u>એનેક્ષર–સી</u>**

**<u>સ્પેસીફીકેશન</u>**

ફલોરીંગ :– વીટ્રીફાઈટ ટાઈલ્સ ફલોરીંગ તથા ધાબા ઉપર ચાઈના મોઝેક

બારી અને દરવાજા :– ડેકોરેટીવ મેઈન ડોર તથા અન્ય ફલશ ડોર, બારી ફુલ્લી ગ્લાસ એલ્યુમિનિયમ સેકશન ફ્રેમ સાથે.

પ્લાસ્ટર :– બહારની તરફ ડબલ કોટ સેન્ડફેસ પ્લાસ્ટર એક્રેલીક વોટરપ્રુફ કલર સાથે તથા અંદરની તરફ ફીનીશ પ્લાસ્ટર તથા વોલ પુટ્ટી

કીચન :– વીટ્રીફાઈડ ટાઈલ્સ ફલોરીંગ, ગ્રેનાઈટ પ્લેટફોર્મ, એસ.એસ.સીન્ક સાથે તથા લીન્ટલ લેવલ સુધી ગ્લેઝડ ટાઈલ્સ

બાથરૂમ, શૌચાલય :– લીન્ટલ લેવલ સુધી ટાઈલ્સ, કન્સીલ્ડ પ્લમ્બીંગ સાથે

વીજળીકરણ :– સીંગલ ફેઈઝ કન્સીલ્ડ ઈલેકટ્રીક ફીટીંગ આર્કીટેકટનાં પ્લાન મુજબ.

લીફટ :– સારી કવોલીટીની લીફટ

ઉપર મુજબનો આ બાનાખતનો કરાર પક્ષકારોએ પોતાની રાજીખુશીથી તથા અકકલ હોશીયારીથી શુદ્ધબુધ્ધિપૂર્વક કોઈનાં કોઈપણ જાતનાં દાબદબાણ વગર વાંચી, વંચાવી, સમજી, વિચારીને, શહેર અમદાવાદમાં આજ રોજ કરેલ છે જે બન્ને પક્ષકારોને તથા તેમના હાલના તથા વખતો વખતનાં વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઈનીઓ, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટસ વિગેરે તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે. ઉપર લખ્યુ તે સહી છે.

સ્થળ :– અમદાવાદ તા.

અત્રે ...................................... મતુ અત્રે ........................................... શાખ

**<u>વેચાણ આપનાર :–</u>**

**વેદાંત ઈન્ફ્રાસ્ટ** એ નામની ભાગીદારી પેઢી વતી
અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર.........

............................................ ............................................

(રામાણી અંકિતકુમાર અરવિંદભાઈ) (સાક્ષી નં. ૧)

............................................

(સાક્ષી નં. ૨)

# રજીસ્ટ્રેશન અધિનિયમ કલમ ૩૨(અ) મુજબનુ પરીશીષ્ટ

**<u>વેચાણ આપનાર</u> :–**
**વેદાંત ઈન્ફ્રાસ્ટ** એ નામની ભાગીદારી પેઢી વતી
અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર.........

............................................ ............................................
(રામાણી અંકિતકુમાર અરવિંદભાઈ)

**<u>વેચાણ લેનાર</u> :–**

............................................ ............................................
(.........................................)